સા. મ. પ્રે. ગાં. (વી.) ૩૮૮૦—૩૦૦૦—૩—૯૬.

**સરકારી ખર્ચમાં કરકસર-અનામતના બેકલોગની જગ્યાઓ ભરવા બાબતે.**

# ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક : પવસ-૧૦૯૩-મં.-૧૭ (ભાગ-૨)-ગ. ૪,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૬.

**વંચાણમાં લીધો** :— (૧) સરકારના ના. વિ. નો તા. ૨૮-૧૨-૯૨નો પરિપત્ર ક્રમાંક : ખરચ-૧૦૯૨-૧૪૩૨-ઝ. ૧,

(૨) સરકારના ના. વિ. નો તા. ૨૨-૩-૯૩નો ઠરાવ ક્રમાંક : -ખરચ-૧૦૯૩-૨૯૪-ઝ.૧.

(૩) સા. વ. વિ.ના તા. ૨-૯-૯૪નો ઠરાવ ક્રમાંક : પવસ-૧૦૯૩-મં. ૧૭-ગ. ૪

## ઠરાવ

સરકારી ખર્ચમાં કરકસરના સંદર્ભમાં અનામતના બેકલોગની જગ્યાઓ ભરવા બાબતમાં આ વિભાગના તા. **૨-૯-૯૪ના સમાનાંકી** ઠરાવથી જે સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે તે સંદર્ભમાં બેકલોગની જગ્યાઓ ભરવાની બાબતમાં નીચે મુજબની વધારાની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે:—

(૧) ૧૦ ટકા કાપને કારણે સંવર્ગનું સંખ્યાબળ ૧૦ ટકા કપાતું હોવાથી તે પ્રમાણેના રોસ્ટર પોઈન્ટ પાછા ફરતાં જેટલી જગ્યાઓ તે રોસ્ટર પોઈન્ટને આધારે બેકલોગમાં સમાવિષ્ટ થયેલી હોય તેટલી જગ્યાઓને ગણત્રીમાં લેવાની રહેશે નહીં.

(૨) ઉપર પ્રમાણે બેકલોગની જગ્યાઓની ગણતરી કર્યા બાદ અને તા. ૨-૯-૯૪ના ઠરાવના ફકરા-૧ (ક) માં દર્શાવેલી વિગતે ૧૦ ટકા કાપની અમલવારી કર્યા બાદ ખરેખર જે ખાલી જગ્યા રહે તે જગ્યાઓ સામે અનામતના બેકલોગની જગ્યાઓની ભરતી કરવાની રહેશે અને તે ઉપરાંત અનામતનો બેકલોગ બાકી રહે તો તેટલા પુરતો બેકલોગની જગ્યા સામે જે કર્મચારીઓ સીધી ભરતી અને બઢતીની જગ્યા ધારણ કરતા હોય તેમને પરત હઠાવી/છૂટા કરી બેકલોગની જગ્યાઓ ભરવાની રહેશે. આ પ્રમાણે બેકલોગની બધી જ જગ્યાઓ ભરવાની થશે.

૨. ભવિષ્યમાં અનામતના અથવા અનામતના બેકલોગની જગ્યાઓ સામે જ્યારે કોઈ કર્મચારીની ભરતી કરવામાં આવે અથવા તો બઢતી આપવામાં આવે તેવે પ્રસંગે ભરતી/બઢતીના નિમણૂકના હુકમો સમાજકલ્યાણ વિભાગના પરામર્શમાં રહીને કરવાના રહેશે અને હુકમોમાં નીચેની શરત પણ સામેલ કરવાની રહેશે:—

"આ પ્રમાણે કરવામાં આવેલી ભરતી/બઢતી અનામતના બેકલોગની જગ્યા સામે જાહેર હિતમાં કરવામાં આવેલી હોવાથી આ ભરતી/બઢતી એડહોક ધોરણે ગણવામાં આવે છે, અને ભવિષ્યમાં જ્યારે પણ અનામત વર્ગના જે તે કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યારે તેમને નિમણૂક આપવા માટે આ પ્રકારની નિમણૂક આપોઆપ સમાપ્ત થશે, અને આ હુકમથી નિમવામાં આવેલ કર્મચારીને છૂટા થવાનું/પાછા હઠવાનું રહેશે."

૩. અનામતના બેકલોગની જગ્યાઓ ભરવા માટે જરૂરી ચકાસણી થઈ શકે તથા માર્ગદર્શન મળી રહે તે માટે તૈયાર કરવામાં આવેલ ચેકલીસ્ટમાં દર્શાવેલ મુદ્દાઓ અંગેની જે તે સંવર્ગની અદ્યતન માહિતી સંબંધિત વિભાગે/ખાતાના વડા/કચેરીના વડાએ આવી દરખાસ્તો સાથે પુરી પાડવાની રહેશે. જરૂરી ચકાસણી બાદ સક્ષમ સત્તા/અધિકારી બેકલોગની જગ્યા/જગ્યાઓ ભરવાની મંજૂરી આપી શકશે. આવા દરેક હુકમની નકલ નાણા વિભાગ/ઝ.૧ શાખાને મોકલવાની રહેશે. ચેકલીસ્ટ આ સાથે સામેલ છે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૯-૧-૯૬ ની નોંધથી મળેલી અનુમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. રામી,
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણ :-- ચેકલીસ્ટ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ.
સર્વે કલેક્ટરશ્રીઓ તથા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

---

*પત્ર દ્વારા

## બેકલોગની જગ્યા ભરવાની મંજુરી માટે રજુ થતી દરખાસ્ત સાથે મોકલવાનું ચેકલીસ્ટ

૧. વહીવટી વિભાગનું નામ :--

૨. સંવર્ગનું નામ તથા વર્ગ--
(વર્ગ--૧, ૨......વિ.)

૩. સંવર્ગની કુલ મંજૂર થયેલ જગ્યાની સંખ્યા:--

૪. ૧૦ ટકા કાપ બાદ બાકી રહેતી જગ્યાની સંખ્યા.--

૫. ૧૦ ટકા કાપનો અમલ કર્યાના હુકમનો નંબર તથા તારીખ:--

૬. મુદ્દા (૪) પૈકી કુલ ભરાયેલ જગ્યાની સંખ્યા:--

૭. મુદ્દા (૪) પૈકી કુલ ખાલી રહેતી જગ્યાની સંખ્યા :

૮. બેકલોગની જે જગ્યાઓ ભરવાની દરખાસ્ત છે તેની સંખ્યા:--

૯. જગ્યાઓ સીધી ભરતીથી કે બઢતીથી ભરવાની છે તેની વિગત:-

૧૦. બેકલોગની જગ્યાઓ જે ખાતાનાં વડાની કચેરી, જિલ્લા કક્ષાની કચેરી કે તાલુકા કક્ષાની કચેરીમાં ભરવાની છે તેમના નામ:--

૧૧. બેકલોગની દરખાસ્ત હેઠળની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? (સંબંધિત સંવર્ગ માટે તારીખ-વાર પ્રમાણે માહિતી અલગ પત્રકમાં રજૂ કરવી.)

૧૨. ખાલી જગ્યાઓ એબેયન્સમાં મૂકવાની કે રદ કરવાની કાર્યવાહી થયેલ છે કે કેમ તેની વિગતો આપવી, થયેલ હોય તો તેની સંખ્યા જે જગ્યાઓ ભરવાની દરખાસ્ત છે તે વખતોવખત ચાલુ રાખવામાં આવેલ છે કે કેમ ?

૧૩. જે જગ્યાઓ માટે બેકલોગ છે તે પ્રત્યેક જગ્યાઓ માટે ક્યારે ક્યારે જાહેરાત આપવામાં આવી હતી ?
(૧)
(૨)
(૩)

૧૪. બેકલોગની જે જગ્યાઓ ભરવાની દરખાસ્ત છે તેની તરતની નીચેના સંવર્ગનું નામ તથા મંજૂર થયેલ જગ્યાની સંખ્યા.

૧૫. મુદ્દા (૧૪) પ્રમાણે મંજૂર થયેલ કુલ જગ્યાની સંખ્યા.

૧૬. મુદ્દા (૧૪) પ્રમાણે ખાલી જગ્યાની સંખ્યા.--

૧૭. જે જગ્યાઓ ભરવાની દરખાસ્ત છે તેની કામગીરી/બોજો દર્શાવતી વિગતો :--

૧૮. જગ્યાઓ તાકીદે ભરવાની જરૂરિયાત દર્શાવતી વિગત :--